| GJSR130000932024 | RECEIVED ON | 20-06-2024 | | |
|---|---|---|---|---|
| | REGISTERED ON | 20-06-2024 | | |
| | DECIDED ON | 22-05-2026 | | |
| | DURATION | DYS. | MTHS. | YRS. |
| | | 02 | 11 | 01 |

**સુરતની બીજી ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**પરચુરણ અરજી (આઇ.સી.) નં.૨૬/૨૦૨૪**
**ઈન**
**(મૂળ ટી. અરજી નં.૮૪૭/૧૯૯૩)**
**આંક–૭**

**એપેલન્ટ :– શ્રીમતી નિર્મલાબેન વલ્લભભાઈ સોલંકી,**
રહે. ૨૭, શારદા રો–હાઉસ, જય અંબે સો. ની સામે,
પાલગામ, સુરત–૩૯૪૫૧૦.

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ :– ફેકટરી મેનેજર, (ગાર્ડન સિલ્ક મિલ્સ લી.)**
**ગાર્ડન સિલ્ક ફેશન્સ પ્રા.લી.** (આંક–૫ હેઠળ સુધારો કર્યો.)
વરેલી ગામ, તા. પલસાણા,
જી.સુરત–૩૯૪૨૩૭.

**હાજર રહયા:–**
**એપેલન્ટ તરફે** : વિ. વકીલશ્રી એસ.ટી. ચૌધરી.
**રીસ્પોન્ડન્ટ તરફે** : વિ. વકીલશ્રી એમ.વી. પટેલ .

**બાબત:– બી.આઇ.આર. એકટની કલમ–૮૪(૨) હેઠળની અરજી.**

**–: હુ ક મ :–**

(૧) સદર અરજી આ કામના અરજદારે બોમ્બે ઔદ્યોગિક સંબંધક ધારો–૧૯૪૬ કે જે હવે ગુજરાત ઔદ્યોગિક સંબંધક ધારા તરીકે ઓળખાય છે (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે)ની કલમ–૮૪(૨) હેઠળ દાખલ કરી ટી. અરજી નંબર:૮૪૭/૧૯૯૩માં તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ થયેલા હુકમ વિરુદ્ધ અપીલ રજૂ કરવામાં થયેલા ૧૭ દિવસના વિલંબને માફ કરવા દાદ માંગેલી છે.

(૨) અરજદારની અરજીની વિગત ટૂંકમાં એવી છે કે, તેઓ તેમજ તેમની સંસ્થાના સેંકડો કામદારોને સામાવાળાએ ખોટા બનાવટી હડતાળના કારણે મૌખીક રીતે ના પાડી ગેરકાયદેસર રીતે છૂટા કરતાં કામદારોએ પુનઃસ્થાપિત માટે અને પડેલા દિવસોના પગાર માટે અરજીઓ મજૂર અદાલત, સુરત ખાતે દાખલ કરેલી અને તે રીતે તેઓએ પણ ટી અરજી નંબર:૮૪૭/૧૯૯૩ દાખલ કરેલ જે તા.૩૦/૦૬/૨૦૦૯ના રોજ અરજી સમય મર્યાદામાં નથી તે મુદ્દે નામંજૂર થયેલ જેને અપીલ (આઈ.સી.) નંબર:૦૧/૨૦૧૦ થી પડકારવામાં આવતા તા.૧૬/૦૩/૨૦૧૯ના હુકમથી ઔદ્યોગિક અદાલતે મજૂર અદાલતનો હુકમ રદ કરી કામ રીમાન્ડ કરેલ. ત્યારબાદ મજૂર અદાલતે તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ ટી. અરજી નંબર:૮૪૭/૧૯૯૩માં હુકમ કરેલો છે જે હુકમ સામે અપીલ કરવામાં ૧૭ દિવસનો વિલંબ થયેલો હોઈ જણાવેલા કારણોસર વિલંબ માફ કરવો જોઈએ.

અરજદારે જણાવેલા વિલંબના કારણોમાં કેસ હુકમ પર ગયા બાદ ચુકાદાની નકલ તેમને મળેલી ન હતી. યુનિયનના સરનામે કેસ દાખલ કરેલો હોઈ અને તેમનું સરનામું અરજીમાં ન હોઈ કોર્ટનો ચુકાદો યુનિયનના સરનામે ગયેલો હોય શકે છે, તેઓએ વકીલશ્રીને પૂછતા નકલ કેસમાં હોય તે સરનામે આવશે તેમ જણાવેલ તે પછી કોર્ટમાં એપ્રિલ–૨૦૨૪માં તપાસ કરતા ચુકાદો આવી ગયાની જાણ થયેલી જેથી સર્ટિફાઈડ નકલ મેળવવા માટે તા.૧૯/૦૪/૨૦૨૪ના રોજ અરજી આપેલી જે તા.૦૨/૦૫/૨૦૨૪ના રોજ મળેલી અને ત્યારથી ૩૦ દિવસમાં એટલે કે તારીખ ૩ જૂન સુધી અપીલ દાખલ કરવી જોઈતી હતી તે મુજબ ગણતા ૧૭ દિવસનો વિલંબ થયેલો છે અને હુકમની તારીખથી દિવસો ગણવામાં આવે તો ૭૭ દિવસનો વિલંબ થયેલો છે જે વિલંબનું કારણ યુનિયનના સરનામા બાબતનું છે. તેઓને ચુકાદાની નકલ મળ્યા બાદ ખૂબ જ આઘાત લાગેલો અને સંસ્થા દ્વારા અરજી ચલાવવામાં ખૂબ જ વિલંબ દાખવેલ હોવા છતાં તેઓના વલણને ધ્યાને લીધા સિવાય કોર્ટે ચુકાદો આપેલ હોવાથી માનસીક રીતે ભાંગી પડેલા તેમજ તેઓ આર્થિક રીતે પાયમાલ થઈ ગયેલા તેમજ પછાત જ્ઞાતીના હોવાથી કોઈ સહારો ન હતો કે તેમના પતિ તેમની હાલત જોઈ હિમ્મત આપી સુરતના બે વકીલો અને યુનિયનો પાસે શું કરી શકાય તેની સલાહ લેવા ગયેલા જેથી આ

વિલંબ થયેલો છે જે ઈરાદાપૂર્વકનો વિલંબ ન હોઈ માફ કરી માગ્યા મુજબની દાદ અપાવવા જણાવેલ છે.

**(૩)** અરજદારે અરજીની સાથે ટી. અરજી નંબર:૮૪૭/૧૯૯૩માં તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ કરવામાં આવેલા હુકમની સર્ટિફાઇડ નકલની ઝેરોક્ષ રજૂ કરેલી છે.

**(૪)** સંસ્થા તરફે આંક–૫ થી અરજી રજૂ કરી નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, કલકત્તા બેંચના તા.૦૪/૧૧/૨૦૨૫ના હુકમ અન્વયે ગાર્ડન સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડનું ગાર્ડન સિલ્ક ફેશન્સ પ્રાઈવેટ લિમિટેડમાં રૂપાંતરણ થયેલ હોઈ કંપનીના નામમાં સુધારો કરવા દાદ માંગતી અરજી આપવામાં આવેલી જે નામદાર નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના પીટીશન નંબર:૧૪૮/કે.બી./૨૦૨૫ અને ૯૯/કે.બી./૨૦૨૫માં થયેલા તા.૦૪/૧૧/૨૦૨૫ના હુકમને ધ્યાને લઈ ગ્રાહ્ય રાખવામાં આવેલી છે.

**(૫)** સંસ્થા તરફે વિલંબ માફની અરજીનો કોઈ જવાબ રજુ કરવામાં આવેલો નથી.

**(૬)** અરજદાર શ્રમયોગી તરફે તેમના વિ.વ.શ્રી એસ.ટી. ચૌધરીએ મૌખીક દલીલો કરેલી છે જ્યારે સામાવાળા તરફે તેમના વિ.વ.શ્રી એમ.વી. પટેલે મૌખીક દલીલો કરેલી છે.

**(૭)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા:–</u>**

**૧.** શું અરજદારની વિલંબ માફની અરજી ગ્રાહ્ય રાખવાપાત્ર છે ?

**૨.** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે અરજદાર શ્રમયોગીએ સદર વિલંબ માફની અરજી કાયદાની

કલમ–૮૪(૨) મુજબ દાખલ કરી ટી. અરજી નંબર:૮૪૭/૧૯૯૩માં તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ થયેલા હુકમ વિરુદ્ધ અપીલ રજૂ કરવામાં થયેલા ૧૭ દિવસના વિલંબને માફ કરવા દાદ માંગેલી છે.

કાયદાની કલમ–૮૪(૨) નીચે મુજબ છે.

**84. APPEALS:-**

(1) Notwithstanding anything contained in section 83 an appeal shall lie to the Industrial Court-

(a) against a decision of a Labour Court in respect of a matter falling under clauses (a) or (c) of paragraph A of sub-section (1) of section 78 except to the extent to which it determines whether a strike, [lock-out, closure or stopage] was illegal or not, or a decision of such Court under paragraph C of sub-section (1) of the said section;

(b) against a conviction by a Labour Court by the person convicted;

(c) against acquittal by a Labour Court in its special jurisdiction; by the [state] Government;

(d) for enhancement of a sentence awarded by a Labour Court in its special jurisdiction by the [state] Government.

(2) Every appeal shall be made within thirty days from the **date of the decision**, conviction, acquittal or sentence, as the case may be:

**Provided that** the industrial Court may for sufficient reasons allow an appeal.

સદર કલમ વંચાણે લેતાં કલમ–૮૪(૨) મુજબ દરેક અપીલ હુકમ તારીખથી ૩૦ દિવસમાં કરવાની રહે છે અને જો ઔધોગિક અદાલતને યોગ્ય જણાય તો પુરતા કારણોસર ઔધોગિક અદાલત અપીલ દાખલ કરી શકે છે. આ કેસમાં અરજદાર દ્વારા થયેલ વિલંબનું કારણ તેઓની ટી. અરજીમાં યુનિયનનું સરનામું હતું જે કારણે તેઓને ચુકાદાની નકલ મળેલ ન હતી અને તેઓએ તપાસ કરતા કેસમાં ચુકાદો આવી ગયાની જાણ થતા તેઓએ સર્ટિફાઇડ નકલ મેળવવા અરજી આપેલી અને ચુકાદો મળ્યા બાદ તે વાંચતા તેમને ખૂબ જ આઘાત લાગેલો અને નાણાંકીય મુશ્કેલી તથા અન્ય વકીલો તથા યુનિયનની સલાહ લેવામાં થયેલ સમયનો તેમને વિલંબ થયેલો છે. તેઓનો ગુણદોષ ઉપર સારો કેસ છે અને વિલંબ માટેનો કોઈ બદઈરાદો ન હોઈ વિલંબ માફ કરવો જોઈએ. અરજદારે તેમની અરજીની વિગતોને એફિડેવીટથી સમર્થન આપેલ છે. સામાવાળા તરફે શ્રમયોગીની અરજીનો કોઈ લેખિત જવાબ રજૂ થયેલ નથી અને અરજદારે જણાવેલ વિલંબના કારણો શા માટે ન માનવા જોઈએ તે અંગે કોઈ ખુલાસો કરેલ નથી. અરજદાર દ્વારા જાણીબુઝીને, બદઈરાદાપૂર્વક વિલંબ કરવામાં આવેલો છે તે બાબતે

કોઈ પુરાવા રેકર્ડ પર આવેલા ન હોવાથી **નામદાર સુપ્રીમ કોર્ટે કલેકટર, લેન્ડ એકવીઝીશન અનન્તનાગ અને બીજા વિ. એમ.એસ.ટી. કાતીજી અને બીજાઓ**[1]ના કેસમાં જણાવેલ નીચે મુજબના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખતા થયેલ વિલંબ માફ કરવા હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે. જેથી મુદ્દા નંબર–૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**૧.** સામાન્ય રીતે અરજદાર વિલંબથી અપીલ ફાઇલ કરવાના કારણે કોઇ લાભ મેળવતા હોતા નથી.

**૨.** વિલંબને માફ કરવાનો ઈન્કાર કરવામાં આવે તો ગુણદોષ ઉપરનો કેસ વિલંબના કારણે રદબાતલ થઇ જાય અને તે કારણે ન્યાયનો હેતુ સચવાય નહી. જયારે તેની સામે જો વિલંબ માફ કરવામાં આવે તો વધુમાં વધુ એટલું થાય કે કેસનો ગુણદોષ પર ન્યાય નિર્ણય બંને પક્ષકારોને સાંભળીને થઇ શકે.

**૩.** દરેક દિવસના વિલંબનો ખુલાસો કરવો તેનો અર્થ એ નથી કે નાની નાની બાબતો ઉપર વધારે પડતું ધ્યાન આપવું ? કેમ દરેક કલાક અને દરેક સેકન્ડના વિલંબનો ખુલાસો નહી ? કોમન સેન્સ અને વાજબી રીતે સિધ્ધાંતને લાગુ કરવો જોઇએ.

**૪.** જયારે વાસ્તવિક ન્યાય અને ટેકનીકલ બાબતો એકબીજા સાથે અથડાતી હોય ત્યારે વાસ્તવિક ન્યાયને પ્રાધાન્ય આપવાનું રહે છે. જાણીબુઝીને કરવામાં આવેલા ન હોય તેવા વિલંબના કારણે થતા અન્યાયના લાભ સામી પાર્ટીને મેળવવાનો હકક રહેતો નથી.

**૫.** તેવી કોઇ ધારણા થઇ શકે નહી કે વિલંબ જાણીબુઝીને કરવામાં આવેલો છે અથવા તો જાણીબુઝીને રાખવામાં આવેલી બેદરકારીના કારણે કે બદઈરાદાથી કરવામાં આવેલો છે. અરજદાર વિલંબના કારણે કોઇ લાભ મેળવી શકતા નથી તેઓ હકીકતમાં મોટું જોખમ વિલંબ કરી ઉઠાવતા હોય છે.

**૬.** તે હંમેશા ધ્યાનમાં રાખવું જોઇએ કે કોર્ટો અન્યાયને ટેકનીકલ ગ્રાઉન્ડ ઉપર કાયદેસર કરવાના પાવર્સ માટે નહી પણ અન્યાયને દુર કરવાની શકિતના કારણે માનથી જોવાય છે.

---

1 **1987 (1) LLJ 500**

(૧૧) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. આથી અરજદાર શ્રમયોગીની વિલંબ માફની અરજી ગ્રાહ્ય રાખવામાં આવે છે અને થયેલ વિલંબ માફ કરવામાં આવે છે.

૨. અરજદારની અપીલને રજીસ્ટરે નોંધી તેનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારુ પક્ષકારોને તા.૧૯/૦૬/૨૦૨૬ના રોજની નોટિસ કાઢવા આથી હુકમ કરવામાં આવે છે.

૩. અધિક્ષકશ્રીએ આ હુકમની નકલ પક્ષકારોને મોકલી આપવી.

૪. સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: સુરત.**
**તારીખ:૨૨/૦૫/૨૦૨૬.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.**